રાજ્યમાં વીજસંકટ ધીરે ધીરે ઘેરું બની રહ્યું છે જેની અસર ઉદ્યોગો પર પડી રહી છે

# નવસારીના ઉદ્યોગોમા 6 કલાક વીજકાપ

**દીવાળીમાં** ઓર્ડર વધુ હોવાથી પ્રોડક્શન વધારવાનું હોય તેને બદલે ઉલટી સ્થિતિ

સુરત : રાજ્યમાં તહેવારોની મોસમ વચ્ચે વીજ સંકટ ઘેરું બનતાં ઉદ્યોગોની હાલત કફોડી બની છે. તહેવારો ટાણે જ વીજ કાપ ઝીંકાતાં ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ અને સતત પ્રોડક્શન સાથે જોડાયેલા એકમોનું આયોજન ખોરવાઈ ગયું છે. નવસારી GIDCમાં આવેલા 250થી વધુ નાના-મોટા ઉદ્યોગો હાલ ભારે વિમાસણમાં મુકાયા છે. દિવાળી નજીક હોવાથી એકતરફ ઓર્ડર પૂરા કરવાનું દબાણ છે અને બીજી તરફ સાંજે 4થી રાત્રે 12 વાગ્યા સુધીના વીજ કાપના આદેશથી ઉત્પાદન ઠપ થવાની ભીતિ સેવાઈ રહી છે. સામાન્ય રીતે દિવાળી અને દશેરાના દિવસોમાં ફેક્ટરીઓમાં રાત-દિવસ કામગીરી ચાલતી હોય છે, પરંતુ આ વર્ષે કાચા માલની અછત, કારીગરોની ખેંચ અને વાયુ પ્રદૂષણ કે ગૅસની સમસ્યાઓ બાદ હવે વીજ કાપ એક નવો પડકાર બનીને સામે આવ્યો છે. પરંતુ દિવાળી અને દશેરા જેવા મુખ્ય તહેવારો સામે જ ફરી આ સમસ્યા ઊભી થતાં વેપારીઓમાં ભારે ચિંતા છે. અત્યારે કાચો માલ અને મજૂરો પણ પૂરતા નથી મળતા, એવામાં પાવર કટના લીધે ધંધો ચલાવવો મુશ્કેલ બન્યો છે.




## પ્રોડક્શન કોસ્ટમાં વધારો

**મોંઘી વૈકલ્પિક વ્યવસ્થા:** ઉદ્યોગોએ કામ ચાલુ રાખવા માટે મોટા ડીઝલ જનરેટર (DG Sets) નો ઉપયોગ કરવો પડે છે. ડીઝલથી મળતી વીજળી સામાન્ય વીજળી કરતાં 3 થી 4 ગણી મોંઘી પડે છે, જેથી ઉત્પાદન ખર્ચ ખૂબ વધી જાય છે.

**મશીનરીને નુકસાન:** વારંવાર પાવર આવવા-જવાથી (વોલ્ટેજ ફ્લક્ચ્યુએશન) મોંઘા ઓટોમેટિક મશીનો અને કમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ બગડવાનું જોખમ રહે છે, જેનાથી મેન્ટેનન્સ ખર્ચ વધે છે.

## શ્રમિકો (લેબર) અને રોજગારી પર અસર

**માનવ કલાકોનો બગાડ:** પાવર કાપ દરમિયાન મજૂરોએ નવરા બેસી રહેવું પડે છે, પરંતુ કંપનીએ તેમને આખા દિવસનો પગાર ચૂકવવો જ પડે છે.

**રોજગારી અને વેતનમાં કાપ:** નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) નુકસાનથી બચવા માટે શિફ્ટ ઘટાડી દે છે અથવા રજા આપી દે છે. રોજમદારો (રોજનું કમાઈને રોજ ખાતા મજૂરો) ની આવક અડધી થઈ જાય છે.

## ઉત્પાદન અને આર્થિક નુકસાન

**ઉત્પાદનમાં ઘટાડો:** રોજ 4 કલાક પાવર ન હોવાને કારણે ફેક્ટરીઓ આખો દિવસ કામ કરી શકતી નથી, જેનાથી દૈનિક ઉત્પાદનમાં સીધો 15% થી 20% નો ઘટાડો થઈ શકે છે.

**ઓર્ડર પૂરા કરવામાં વિલંબ:** ઉત્પાદન ધીમું થતાં કંપનીઓ સમયસર ઓર્ડર ડિલિવરી કરી શકતી નથી. આનાથી બજારમાં તેમની વિશ્વસનીયતા ઘટે છે અને ગ્રાહકો ગુમાવવાનો વારો આવે છે.

**કાચા માલનો બગાડ:** કેમિકલ, ફૂડ પ્રોસેસિંગ, પ્લાસ્ટિક અને ટેક્સટાઇલ જેવા ઉદ્યોગોમાં જો ચાલુ મશીને લાઈટ જાય, તો મશીનમાં રહેલો કાચો માલ બગડી જાય છે.

સોળસુંબામાં લાખો રૂપિયા ખર્ચીને દુકાન ખરીદનાર વેપારીઓમાં ચિંતા

# સરકારી જમીન પરના શોપિંગ સેન્ટરના મામલે વેપારીઓ ફસાયા

**સોળસુંબા** પંચાયત અને વહીવટદારનો નોટિસ પાઠવી પુરાવા રજૂ કરવા આદેશ

ઉમરગામ : ઉમરગામના સોળસુબામાં સરકારી જમીન પર તાણી બંધાયેલા શોપિંગ સેન્ટરમાં લાખો રૂપિયા ખર્ચીને દુકાન લેનારા વેપારીઓ ફસાયા છે. દબાણ ન હોવાનું ન્યાયોચિત ઠેરવવામાં નિષ્ફળ જશો તો કાર્યવાહીની તલાટી અને વહીવટદારની નોટિસથી ફફડાટ મચ્યો છે.

સોળસુંબા ગ્રામ પંચાયત અને વહીવટદાર દ્વારા દુકાનદારોને આપેલી નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે આપને પંચાયત સોળસુબામાં દ્વારા સરકારી જમીન ઉપરનું દબાણ દૂર કરવા અંગે નોટિસ પાઠવવામાં આવી હતી. આપ દ્વારા ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી રિટ અરજીમાં માન્ય હાઇકોર્ટ દ્વારા તારીખ 15-10-2026 ના રોજ કરેલા આદેશ મુજબ અગાઉની નોટિસને કારણ બતાવો નોટિસ તરીકે ગણવામાં આવેલી છે.

આથી આ નોટિસ દ્વારા જણાવાયું છે કે જે જગ્યા/દુકાનનો વપરાશ કરો છો તે સરકારી જમીન પરનું દબાણ છે. જો આપની પાસે સદર મિલકત દુકાન પર આપના કાયદેસરના હક કે માલિકી દર્શાવતા કોઈ આધારભૂત પુરાવા દસ્તાવેજો હોય તો તે આ નોટિસ મળ્યેથી આપનો પક્ષ રજૂ કરવા માંગતા હોય તો તારીખ 23-10-2026 ના રોજ સાંજે ચાર કલાકે કાર્યાલયમાં સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી શકશો. જો આપ નિયત સમય મર્યાદા તારીખ 23-10-2026 સુધીમાં કોઈ કાયદેસરના પુરાવા રજૂ કરવામાં અથવા આપનું દબાણ ન હોવાનું ન્યાયોચિત ઠેરવવામાં નિષ્ફળ જશો તો હાઇકોર્ટના આદેશ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં તો સમગ્ર સોળસુંબા વિસ્તારમાં આ મુદ્દો ખૂબ જ ચર્ચામાં છે. પૈસા ખર્ચીને દુકાન લેનાર વેપારીઓ ખૂબ જ ચિંતામાં મુકાયેલા જોવા મળી રહ્યા છે. પોતાના પૈસાનું શું એવો પ્રશ્ન તેમને સતાવી રહ્યો છે. અને આ સમગ્ર પ્રકરણમાં હવે પછીથી શું થશે તેના ઉપર સૌ કોઈ મીટ માંડીને બેઠા છે.

# નવસારીમાં ફાફડા-જલેબીનો વેપાર 5 કરોડને આંબી ગયો

**વહેલી** સવારથી ફરસાણની દુકાનો પર ગ્રાહકોની ભીડ, 50 હજાર કિલોથી વધુ ફાફડાના વેચાણની શક્યતા



નવસારી : વિજયાદશમીના પર્વે નવસારીમાં ધાર્મિક આસ્થા સાથે પરંપરાગત ખાણીપીણીની રંગત પણ છવાઈ હતી. દશેરા અને ફાફડા-જલેબીનો અનોખો નાતો જાળવી રાખતાં શહેર સહિત સમગ્ર જિલ્લામાં લોકોએ વહેલી સવારથી જ ફરસાણની દુકાનો તરફ દોટ મૂકી હતી. જાણીતા ફરસાણ સેન્ટરો પર ખરીદદારોની ભીડ અને લાંબી કતારો જોવા મળી હતી.

વેપારીઓના અંદાજ મુજબ, આ વર્ષે નવસારી જિલ્લામાં ફાફડા-જલેબીનો કુલ વેપાર આશરે રૂ. 5 કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. દશેરાના એક જ દિવસમાં 50 હજાર કિલોથી વધુ ફાફડાનું વેચાણ થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ફાફડાનો ભાવ પ્રતિ કિલો આશરે રૂ.700 અને શુદ્ધ ઘીની જલેબીનો ભાવ પ્રતિ કિલો રૂ.480ની આસપાસ રહ્યો હતો.

શહેરમાં વર્ષોથી ફાફડા-જલેબીનો વ્યવસાય કરતા વેપારીઓ માટે દશેરાનો દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે. શક્તિ ફાફડા સેન્ટર ખાતે એક દિવસમાં આશરે 900 કિલો ફાફડાનું વેચાણ થવાનો અંદાજ હતો, જ્યારે મુમ્મા દેવી જલેબી સેન્ટર પર પણ સવારથી જ ગ્રાહકોની અવરજવર વધી હતી. અનેક પરિવારો તહેવારની ઉજવણી માટે અગાઉથી ખરીદીનું આયોજન કરીને પહોંચ્યા હતા.

આમ, વિજયાદશમીના પર્વે નવસારીમાં એક તરફ ધાર્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો, તો બીજી તરફ ફાફડા-જલેબીના વેપારથી ફરસાણ બજારમાં પણ ભારે ધમધમાટ રહ્યો હતો.

# ‘તું મારી નહીં તો કોઈની નહીં થવા દઉં’ કહી મહિલા પર હુમલો

**છરવાડામાં** પ્રેમસંબંધ તોડવાની અદાવતમાં પરિણીતા પર કુહાડીથી હુમલો

**ડુંગરી** પોલીસે આરોપી રાજેશ પટેલ વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી

વલસાડ : વલસાડ તાલુકાના છરવાડા ગામે પ્રેમસંબંધ તોડી નાખવાની અદાવત રાખી એક શખ્સે રાત્રિના સમયે ઘરમાં ઘૂસીને પરિણીતા પર કુહાડી જેવા તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હોવાની હચમચાવતી ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાને તાત્કાલિક સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

મૂળ ધરમપુર તાલુકાના ડાંડવળ ગામની વતની ૩૨ વર્ષીય પરિણીતા પોતાના પતિ સાથે છરવાડાના ઈલવા દેસાઈ ફળિયામાં મજૂરીકામ કરી બાજુના જૂના મકાનમાં રહે છે. આ મહિલાને છરવાડાના દંતરાય ફળિયામાં રહેતા રાજેશભાઈ બાવાભાઈ પટેલ સાથે છેલ્લા બે વર્ષથી પ્રેમસંબંધ હતો. જોકે, એક વર્ષ અગાઉ પરિવારજનોને જાણ થતાં ઘરમાં વિવાદો સર્જાયા હતા, જેના કારણે પરિણીતાએ રાજેશ સાથે વાત કરવાનું બંધ કરી તેનો નંબર બ્લોક કરી દીધો હતો. આ વાતથી ઉશ્કેરાયેલા રાજેશે અગાઉ ‘તું મારી નહીં થાય તો કોઈની નહીં થવા દઉં’ તેવી ધમકી આપી હતી.

ગત ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે પતિ શાકભાજી લેવા ગયા ત્યારે રાજેશે તેમને પણ ધમકી આપી હતી. ત્યારબાદ રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે જ્યારે દંપતી મચ્છરદાની બાંધીને સૂતું હતું, ત્યારે રાજેશ હાથમાં કુહાડી લઈને ઘરમાં ઘૂસી ગયો હતો અને પરિણીતાના જમણા ખભા, ગરદન તથા માથાના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. બચાવવા ગયેલી પત્નીનો જમણો હાથ આગળ આવતા આંગળી પણ કપાઈ ગઈ હતી.

બૂમાબૂમ થતાં પતિ જાગી ગયા હતા અને હુમલાખોરનો પીછો કર્યો હતો, પરંતુ તે અંધારામાં નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. લોહીલુહાણ હાલતમાં પીડિતાને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ પહોંચાડાઈ હતી. આ મામલે ડુંગરી પોલીસે પીડિતાની ફરિયાદના આધારે આરોપી રાજેશ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક જીતેન્દ્રભાઈ કનુભાઈ પટેલને સોંપી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ, બીલીમોરામાં ‘અસત્ય ઉપર સત્યનો વિજય’



બીલીમોરા, વલસાડ : ‘અસત્ય ઉપર સત્યનો વિજય’ એટલે વિજયાદશમી પર્વ. બીલીમોરા નજીક તલોધમાં એક અને ગણદેવી નજીકના કછોલીમાં એક મળી કુલ ૦૨ સ્થળે મંગળવારે મોડી સાંજે રાવણ દહન કરાયુ હતું. ઉપરાંત વલસાડ પારડીમાં પણ રાવણ દહન કરાયું હતું. બીલીમોરાના તલોધ, અને કછોલી ગામે રાવણ દહનના કાર્યક્રમો યોજાયા હતા. મંગળવારે પૂજા, આરતી, મહાપ્રસાદ, તેમજ સાંજે રેલી સ્વરૂપે રામ-સીતા-લક્ષ્મણ હનુમાજીના વેશ ધારણ સાથે રંગારંગ શોભાયાત્રા નીકળી હતી. તલોધ ગામમાં શ્રી બ્રહામણી માતા મંદિરે ૯૧ માં વર્ષે રાવણ દહનના ભવ્ય કાર્યક્રમની પરંપરા જીવંત બની હતી. રામ રાવણના યુદ્ધને નિહાળવા ભક્તો ઉમટ્યા હતા.

### ઉમરગામ GIDC એસ્ટેટમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત




ઉમરગામ : ઉમરગામ GIDC એસ્ટેટમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગ યુઆઇએના હોદ્દેદારો ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA)ઔદ્યોગિક વિસ્તારના સર્વાંગી વિકાસ, પાયાની સુવિધાઓના સુધારણા અને ઉદ્યોગકારોના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રતિબદ્ધતાથી કાર્યરત છે. UIA ના સતત ફોલોઅપ, અથાગ પ્રયત્નો અને GIDC ના સહકારથી ઉમરગામ GIDC ના થર્ડ ફેઝ માટે મહત્ત્વપૂર્ણ સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. ઔદ્યોગિક વિસ્તારના વિકાસ અને ઉદ્યોગકારોને ચોમાસા દરમિયાન પડતી પાણી ભરાવાની સમસ્યામાંથી રાહત અપાવવાની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ સફળતા છે. આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત રૂપિયા 28 કરોડ છે, જ્યારે તેની ટેન્ડર રકમ રૂપિયા 25.90 કરોડ છે. પ્રોજેક્ટ અંતર્ગત કુલ 14.5 કિલોમીટર લાંબી સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ વિકસાવવામાં આવશે, જેના દ્વારા સમગ્ર થર્ડ ફેઝના ઔદ્યોગિક વિસ્તારને આવરી લેવાનું આયોજન છે. આ સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વરસાદી પાણીના સુવ્યવસ્થિત અને ઝડપી નિકાલમાં મદદ મળશે. પરિણામે ચોમાસા દરમિયાન ઔદ્યોગિક એકમો તથા રસ્તાઓ પર પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા છે.

### વાંસદામાં હાઈમાસ્ટ ટાવર લાઈટનું ખાતમુહૂર્ત કરાયું




વાંસદા : વાંસદા પંથકમાં દશેરાના શુભ અવસરે સ્વ. પ્રિતીબેન રાકેશભાઈ શર્માના સ્મરણાર્થે જુની કંસારા લાઇન (શ્રી પ્રગતિ ગણેશ મંડળ) ખાતે હાઇમેસ્ટ ટાવર (લાઇટ)નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ ગુલાબભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ હેમાબેન શર્મા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ રાકેશ શર્મા, દીપક શર્મા, તા. પં. સભ્ય પંકજ પટેલ, વિરલ વ્યાસ, નટુભાઈ પાંચાલ, રાજેશ ગાંધી, હનીફ સોડાવાલા, મુકેશ શર્મા, પ્રદ્યુમનસિંહ સોલંકી રાજુ મોહિતે, હસમુખ શર્મા, સભ્ય મેહુલ પટેલ, મહેશ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી સહિત હાઈવે પર રિક્ષાચાલકોને ઈ-મેમા મળતાં રોષ

**ટોલનાકા** પર નંબર પ્લેટ સ્કેનિંગથી દસ્તાવેજોની ચકાસણી થતી હોવાની ચર્ચા

નવસારી : નેશનલ હાઈવે પર ટોલનાકા પરથી પસાર થતી રિક્ષાઓને ઓનલાઈન ઈ-મેમા મળવાની ફરિયાદો સામે આવતાં નવસારી સહિતના વિસ્તારોમાં રિક્ષાચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે. પલસાણા અને નવસારીમાં કેટલાક રિક્ષાચાલકોને 3,000થી 5,000 સુધીના દંડના મેમા મળ્યા હોવાનો દાવો રિક્ષા એસોસિએશન દ્વારા કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ટોલનાકા પર લગાવવામાં આવેલા કેમેરા દ્વારા વાહનોની નંબર પ્લેટ સ્કેન કરીને વાહન સંબંધિત વિગતોની ચકાસણી કરવામાં આવે છે. રિક્ષાના ફિટનેસ સર્ટિફિકેટ, વીમો, પીયુસી અને અન્ય જરૂરી દસ્તાવેજોમાં ખામી જણાય તો દંડની કાર્યવાહી થઈ શકે છે. જોકે, કયા નિયમ હેઠળ મેમા આપવામાં આવી રહ્યા છે અને તેની પ્રક્રિયા શું છે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા જરૂરી બની છે.

રિક્ષા એસોસિએશનના રાકેશ પટેલે જણાવ્યું હતું કે, દંડના મેમા મળતાં ચાલકોમાં નારાજગી છે. આ મામલે એસોસિએશન ગુજરાત કક્ષાએ તેમજ માહિતી અધિકાર અધિનિયમ (RTI) હેઠળ સંબંધિત વિભાગ પાસેથી મેમા આપવાની પ્રક્રિયા, લાગુ પડતા નિયમો અને દંડની વિગતો મેળવવાની તૈયારી કરી રહ્યું છે.

# નવસારી એક્સપ્રેસ હાઈવે પર 9 મહિનામાં 7 અકસ્માતમાં 6ના મોત

**ઉગત** નજીક બે ટ્રકની ટક્કરમાં 33 વર્ષીય ક્લીનરનું મોત, હાઈવે પર માર્ગ સલામતી સામે ફરી સવાલો

નવસારીઃ અમદાવાદ-મુંબઈ નેશનલ એક્સપ્રેસ હાઈવે નંબર-4 પર માર્ગ અકસ્માતોની ઘટનાઓ ચિંતાનો વિષય બની રહી છે. નવસારી તાલુકાના ઉગત ગામની સીમમાં સર્જાયેલા ટ્રક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ક્લીનરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. બીજી તરફ, આ હાઈવે પર છેલ્લા નવ મહિનામાં સાતથી વધુ ગંભીર અકસ્માતો થયા હોવાનું અને તેમાં આશરે છ લોકોનાં મોત થયાં હોવાનું ગ્રામ્ય પોલીસના અધિકારીએ જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના મલ્હારપુર ગામના રહેવાસી સુનિલભાઈ ગોપાલભાઈ બારીયા ટ્રક નંબર GJ-06-BT-4742 લઈને હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. ઉગત ગામ નજીક રમણ બ્રધર્સ સ્કૂલ સામે, ચેનલ નંબર 2023.1 પાસે ચોથા ટ્રેક પર આગળ જઈ રહેલી ટ્રક સાથે તેમની ટ્રક અથડાઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ટ્રક પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવવામાં આવતાં અકસ્માત સર્જાયો હતો.

અકસ્મતમાં ટ્રકમાં સવાર ક્લીનર મહેન્દ્રભાઈ નગીનભાઈ બારીયા (ઉંમર 33 વર્ષ)ને પેટ અને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમણે જીવ ગુમાવ્યો હતો. ઘટનાને પગલે મૃતકના પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે.

આ મામલે હિતેશ બારીયાએ નોંધાવેલી ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસે ટ્રકચાલક સુનિલ બારીયા વિરુદ્ધ ગુનો નોંધી કેસની તપાસ પીએસઆઈ કે.એમ. પાટીલ કરી રહ્યા છે.

નોંધનીય છે કે અમદાવાદ-મુંબઈ નેશનલ એક્સપ્રેસ હાઈવે પર નવ મહિનાના ટૂંકા ગાળામાં સાતથી વધુ ગંભીર અકસ્માતોની ઘટના સામે આવતાં માર્ગ સલામતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. અકસ્માતોમાં છ જેટલા લોકોનાં મોત થયાની પોલીસની માહિતી વચ્ચે વાહનચાલકો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન, પૂરતી સાવચેતી અને માર્ગ પર સલામતી જાળવવાની જરૂરિયાત વધુ મહત્ત્વની બની છે.

### કરવડના ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં પાણી પીવાના બહાને ઘૂસેલી મહિલાઓ કોપર વાયરના બોક્સ ચોરી ફરાર

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપીના ચણોદ અમરનગરમાં રહેતા વિવેક યોગેન્દ્ર તિવારી કરવડ સ્થિત પરમ લોજિસ્ટિક હબ ગોડાઉનમાં નોકરી કરે છે. ગોડાઉનમાં સવારે છ અજાણી મહિલાઓ નાના બાળકો સાથે આવીને પાણી પીવાનું કહી અંદર દાખલ થઈ હતી અને બાદમાં બહાર નીકળી ગઈ હતી. ત્યારબાદ હેડ ઓફિસથી જાણ થઈ હતી કે કોપર વાયરના ૨૪ બોક્સમાંથી ૨૨ બોક્સ જ મળ્યા હતા. જેથી સીસીટીવી કેમેરા ચકાસતા પાણી પીવા આવેલી મહિલાઓ પૈકી બે મહિલાઓ કોપર વાયરના બે બોક્સ (રૂપિયા ૬૪,૮૯૯) ચોરી કરતી નજરે પડતા વિવેક તિવારીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# રૂઝવણી ભંડારી ફળિયામાં નર-માદા સાપ પકડાયા



ખેરગામ : ખેરગામ તાલુકાના રૂઝવણી ભંડારી ફળિયામાં ભાવિક ભંડારીના ઘર પાસે તેમની માતા મંજુલાબેન ઢોરને ચારો નાખવા જતાં તેમના હાથમાં ઝેરી કામડીયો સાપ આવી ગયો હતો. જોકે, સદનસીબે તેમને કોઈ નુકસાન થયું નહોતું. ઘટનાની જાણ થતાં સાપ પકડવામાં કુશળ કીર્તન પટેલે પહોંચી નર અને માદા એમ બે કામડીયા સાપને પકડી લીધા હતા. જોકે, માદા સાપ મૃત હાલતમાં હોવાથી અંતિમ સંસ્કાર કરાયા હતાં. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલાં પણ આ જ વિસ્તારમાંથી આશરે 10 ફૂટ લાંબો અજગર પકડાયો હતો. હવે ફરી બે કામડીયા સાપ મળી આવતાં સ્થાનિકોમાં સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ઉમરગામ પંથકમાં GEB લાઈનના તાર ચોરતી ગેંગનો પર્દાફાશ

**વલસાડ** એલસીબીએ એક આરોપીને ઝડપ્યો, બે ગુનાઓ ઉકેલાયા

ઉમરગામ : એગ્રીકલ્ચર GEB લાઈનના તારની ચોરી કરતી સક્રિય ગેંગનાક સભ્યને પકડી ઉમરગામ મરીન તથા સરીગામ પોલીસમાં નોંધાયેલા વાયર ચોરીના બે ગુના વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમે ઉકેલી કાઢ્યા છે.

ઉમરગામ તાલુકાના પાલી ધુયા પટેલ ફળિયા નહેરની બાજુમાં તથા ડુંગરપાડા ખાતેથી ચોર ઈસમોએ સરીગામ વિસ્તારમાં વીજ લાઈનના 12 ગાળાના અંદાજે 1080 મીટર એલ્યુમિનિયમ વાયર કિંમત રૂપિયા 44,298 ના મત્તાની ચોરી કરી ગયા હતા. કાલય ગામ કંગળાવ ફળિયા રાધાકૃષ્ણ ગૌશાળાની બાજુમાં ગૌચરની જમીનમાં હયાત વીજ લાઈનના કુલ 10 પોલ સુધી વાયરો કુલ 1155 મીટર કિંમત રૂપિયા 47,374 ના મત્તાની ચોરીનો બનાવ સંદર્ભે ઉમરગામ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

આ ચોરીનો ગુનો ઉકેલવા વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબી પોલીસના પી.આઈ એ યુ રોઝ, પીએસઆઈ જે બી ધનેશા તથા પોલીસ સ્ટાફના માણસોએ અલગ અલગ ટીમો બનાવી ગુનાવાળી જગ્યા તથા આજુબાજુના સીસીટીવી ફૂટેજો મેળવી ટેક્નિકલ એનાલિસિસ હાથ ધરી વર્કઆઉટ કરતા હતા. ત્યારે મળેલી હકીકતના આધારે એગ્રીકલ્ચર GEB લાઈનના તારની ચોરીનો ગુનો ઉકેલી નાખી ચોરીમાં સંડોવાયેલા એક આરોપી રાકેશ રણજીત વારલી (ઉ વર્ષ 22 ધંધો ડ્રાઈવિંગ રહે ગામ પુનાટ ઉમરગામ)ને ઝડપી પાડી સરીગામ પોલીસને સોંપ્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.


KALAMANDIR

આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ

22 KT 1,33,520/-

18 KT 1,09,210/- 14 KT 84,890/-

+91 95109 70230

વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા